RAN-2401001203050002

# RAN-2401001203050002

## B.A. (Sem.- III) Examination March - 2026

## Gujarati

## AEC - III Gujarati Proficiency and life skills - III

| **સૂચના : / Instructions** | Seat No.: |
|---|---|
| (1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book | Student's Signature |

**પ્ર.1. ટૂંકમાં જવાબ આપો. (કોઇ પણ પાંચ)** **10**

1. શબ્દને સાચી રીતે લખવાની પદ્ધતિને કયા નામે ઓળખવામાં આવે છે?
2. તદ્ભવ શબ્દની વ્યાખ્યા આપો.
3. વિકારી વિશેષણ કોને કહેવાય?
4. વાક્યમાં જે શબ્દ કે શબ્દસમૂહ ક્રિયાના અર્થમાં વધારો કરે વિશેષ બનાવે તેને કયા નામે ઓળખવામાં આવે છે?
5. 'માણસ' કાવ્યનું સ્વરૂપ જણાવો.
6. ઉશનસનું પૂરું નામ આપો.
7. કાવ્યનું મુખ્ય પ્રયોજન જણાવો.

**પ્ર.2. અ. ટૂંક નોંધ લખો. (ગમે તે એક)** **5**

1. તત્સમ શબ્દનો અર્થ આપી તત્સમ શબ્દની જોડણીના બે નિયમો
2. તદ્ભવ શબ્દની જોડણીના ત્રણ નિયમો

**બ. ટૂંક નોંધ લખો. (ગમે તે એક)** **5**

1. ગુણવાચક વિશેષણ અને સંબંધવાચક વિશેષણ
2. સંશયવાચક ક્રિયાવિશેષણ અને સ્થળવાચક ક્રિયાવિશેષણ

**ક. કોઇ પણ એક કાવ્યનું રસદર્શન કરો.** **5**

એક આગિયાને

તુજ પાંખ ચળકે પર્ણનાં ઝુંડો મહીં ચક્રો રચી,
બ્રહ્માણ્ડને પોષી રહી તે દ્રષ્ટિ અહીંયે છે નકી;
તુજ ઉદરપોષણમાં તને તુજ રૂપ ઉપયોગી થતું,
તુજ નેત્ર આગળ દીવડો કંઇ શ્રમ વિના દેખાડતું.
વળી કોઇ કન્યા પાતળી તુજ તેજ ઉપર મોહતી,
જે ભાલને ચોડી તને ત્યાં હર્ષથી ચળકાવતી;
વળી કોઇ વિસ્મિત સ્મિતભરી તુજ તેજ માત્ર નિહાળતી,
ના સ્પર્શતી એ બીકથી, તુજ રજ રખે જાતી ખરી.
અદશ્ય ના ધનથી બને, નાં ધુમ્મસે મેલું થતું,
તુજ તેજ, તે મુજબ ઉપવને હું નિત્ય જોવા જાઉં છું;

મમ પ્યારીનાં ફૂલડાં અને મુજ વૃક્ષ જ્યારે ઊંઘતા,
તું જાગતો રાત્રિ બધી ત્યારે રમે છે બાગમાં.
તું જાગજે, તું ખેલજે, તું પત્રપત્રે મ્હાલજે,
ચળકાટ તારો એ જ પણ તુજ ખૂનની તલવાર છે!
તું કેમ એ માની શકે? આધાર તારો એ જ છે,
એ જાળ તું જાણે નહીં, હું જાણું ને રોઉં, અરે!
રે! પક્ષી કોની દ્રષ્ટિએ તું એ જ ચળકાટે પડે,
સંતાઇ જાતાં નાસતાં એ કાર્ય વૈરીનું કરે;
દ્યુતિ જે તને જિવાડતી, દ્યુતિ તે તને સંહારતી,
જે પોષતું તે મારતું એવો દિસે ક્રમ કુદરતી!
આ પ્રેમ સંસારી તણો તુજ તેજ જેવો છે નકી,
એ અમૃતે શું ઝેરનાં બિંદુ ભર્યાં વિધિએ નથી?
એમ એ જીવિત, એ જ મૃત્યુ, એ જ અશ્રુ ને અમી;
જે પોષતું તે મારતું, શું એ નથી ક્રમ કુદરતી?
કલાપી

## જૂનું પિયર ઘર

બેઠી ખાટે, ફરી વળી બધે મેડીઓ ઓરડામાં,
દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઊકલ્યાં આપ રૂડા;
માડી મીઠી, સ્થિત મધુર ને ભવ્ય મુર્તિ પિતાજી,
દાદી વાંકી રસિક કરતી ગોષ્ઠિથી બાળ રાજી,

સૂનાં સ્થાનો સજીવન થયાં, સાંભળું કંઠ જૂના;
આચારો કૈ વિવિધ ઢબના નેત્ર ઠારે સહુના;
ભાંડું ન્હાનાં શિશુસમયનાં ખટમીઠાં સોબતીઓ,
જ્યાં ત્યાં આવી વય બદલી સંતાય, જાણે પરીઓ,

તો યે એ સૌ સ્મૃતિછબી વિશે વ્યાપી લે ચક્ષુ ઘેરી,
ન્હાની મોટી બહુરૂપી થતી એક મૂર્તિ અનેરીઃ
ચોરીથી આ દિવસ સુધીમાં એવી જામી કલેજે
રે કૌમારે પણ મુજ સરે બાળવેશે સહેજે!

બેસી ખાટે પિયરઘરમાં ઝિંદગી જોઇ સારી,
ત્યારે જાણી અનહદ ગતિ, નાથ મ્હારા, ત્યહમારી
બ.ક. ઠાકોર